# Unveiling of The Logo, Theme and Website of India's G20 Presidency

08 November 2022

# ભારતની G20 અધ્યક્ષતાનાં લોગો, વિષય અને વેબસાઈટનું અનાવરણ

08 નવેમ્બર, 2022

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભારતની G20 અધ્યક્ષતાનાં લોગો, વિષય અને વેબસાઈટનું અનાવરણ કર્યું હતું.

વડાપ્રધાન દ્વારા વર્ચ્યુઅલ મોડમાં અનાવરણ કરવામાં આવેલ લોગો અને વિષય નીચે મુજબ છે:

**લોગો અને વિષયની સમજણ**

G20 લોગોની પ્રેરણા ભારતનાં રાષ્ટ્ર ધ્વજનાં વાઈબ્રન્ટ રંગો – કેસરી, સફેદ અને લીલો પરથી મળે છે. તે ભારતનાં રાષ્ટ્રિય ફુલ કમળ સાથે પૃથ્વીનો સંયોગ ધરાવે છે જે પડકારો વચ્ચે વૃદ્ધિ પ્રતિપાદિત કરે છે. પૃથ્વી ભારતનાં જીવનમાં ગ્રહ-તરફનાં અભિગમને પ્રતિપાદિત કરે છે, જે પ્રકૃતિ સાથે સંપૂર્ણ સુસંવાદિતામાં છે. G20 લોગોની નીચે દેવનાગરી લીપીમાં "ભારત" લખેલું છે.

લોગો ડીઝાઈન માટેની ખુલ્લી સ્પર્ધા દરમિયામ પ્રાપ્ત થયેલી વિવિધ એન્ટ્રીઓમાં સમાહિત ઘટકોનો આ લોગોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. MyGov પોર્ટલ પર આયોજીત સ્પરાધામાં 2000 કરતા વધારે રજૂઆતો સાથે ઉત્સાહપૂર્ણ પ્રતિભાવ પ્રાપ્ત થયો હતો. આ ભારતની G20 અધ્યક્ષતા દરમિયાન વડાપ્રધાનનાં જન ભાગીદારી વિઝન સાથે સમરેખતામાં છે.

ભારતની G20 અધ્યક્ષતાનો વિષય - "વસુધૈવ કુટુંબકમ" અથવા "વન અર્થ વન ફેમિલી વન ફ્યુચર" – ને પ્રાચિન સંસ્કૃત ગ્રંથ મહા ઉપનિષદ માંથી લેવામાં આવ્યો છે. મૂળભૂત રીતે, આ વિષય તમામ જીવો- મનુષ્યો, પ્રાણીઓ, વનસ્પતિઓ અને સુક્ષ્મજીવો-નાં મૂલ્યની અને પૃથ્વી પર અને વ્યાપક બ્રહ્માંડમાં તેઓનાં

આંતરસંબંધની પુષ્ટિ કરે છે.

આ વિષય સ્વચ્છ, હરીયાળા અને આસમાની ભવિષ્યમાં પરિણમતા વૈશ્વિક રીતે ફેરબદલનાં પગલાઓ તરફ દોરી જતી વ્યક્તિગત જીવનશૈલીઓ તેમજ રાષ્ટ્રિય વિકાસ એમ બન્ને સ્તર પર પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ અને જવાબદાર પસંદગીઓ અને સંલગ્નતાઓ સાથે LiFE (પર્યાવરણ માટે જીવનશૈલી) પર પણ પ્રકાશ પાડે છે.

લોગો અને વિષય સાથે મળીને ભારતની G20 અધ્યક્ષતાનો પ્રબળ સંદેશો પહોંચાડે છે, જે આપણે આ અનિશ્ચિતતા ધરાવતા સમયમાંથી પસાર થઈએ છીએ તે સાથે ટકાઉ, સર્વાંગી, જવાબદાર અને સમાવેશક રીતે વિશ્વમાં તમામ માટે ન્યાયીક અને વિશ્વસનિય વૃદ્ધિ માટેની ઝંખના છે. તેઓ આસપાસનાં જૈવતંત્ર સાથે સુસંગતતામાં જીવન જીવવાનો અનન્ય ભારતીય અભિગમ આપણી G20 અધ્યક્ષતામાં રજૂ કરે છે.

ભારત માટે, G20 અધ્યક્ષતા 15 ઓગસ્ટ 2022 નાં રોજ તેની સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠથી શરૂ કરીને તેની સ્વતંત્રતાની શતાબ્દિ સુધી 25- વર્ષની અવધી "અમૃતકાળ" નો પ્રારંભ પણ સૂચવે છે, જે તેનાં મૂળમાં માનવ-કેન્દ્રિત અભિગમથી અલગ પડતા ભાવિ, સમૃદ્ધ, સમાવેશક **અને વિકસિત સમાજ તરફ દોરી જાય છે.**

**G20 વેબસાઈટ**

વડાપ્રધાન દ્વારા ભારતની G20 અધ્યક્ષતાની વેબસાઈટ www.g20.in પણ લોન્ચ કરવામાં આવી હતી. આ વેબસાઈટ ભારત G20 ની અધ્યક્ષતા ધારણ કરે તે દિવસે 1 ડીસેમ્બર 2022 નાં રોજ G20 અધ્યક્ષતાની વેબસાઈટ www.g20.org માં સહજ રીતે પરિવર્તિત થશે. G20 અને લોજીસ્ટિકની વ્યવસ્થાઓ વિશેની નોંધપાત્ર માહિતી ઉપરાંત, આ વેબસાઈટ G20 પર માહિતીનાં કોશનું નિર્માણ કરવા અને સેવા આપવા માટે પણ ઉપયોગમાં લેવામાં આવશે. આ વેબસાઈટ નાગરિકો માટે તેઓનાં સૂચનો મોકલવાનો વિભાગ સમાવે છે.

**G20 ઍપ**

વેબસાઈટ ઉપરાંત, એન્ડ્રોઈડ અને મોબાઈલ ઍપ iOS પ્લેટફોર્મ પર "G20 India" મોબાઈલ ઍપ રીલીઝ કરવામાં આવી છે.

**નવી દિલ્હી**
**08 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.